**ટ્રાફીક નિયમન માટે ફરજ બજાવતા નાગરિક સંરક્ષણ દળના સભ્યોને હોમગાર્ડઝ સભ્યોને અપાતા ભથ્થાના દર મુજબ ભથ્થા ચુકવવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહવિભાગ,
**ઠરાવ ક્રમાંકઃનગસ/૧૦૨૦૦૨/૧૫૮૭/ફ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૪/૦૮/૨૦૧૪.

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહ વિભાગના તા.૨૭/૭/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃટફક/૧૦/૨૦૦૬/૪૩૮/વ.

(૨) ગૃહ વિભાગના તા.૨૬/૯/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૨/મં-૧/ફ.

(૩) જિલ્લા કલેક્ટર, વડોદરાના તા.૧૪/૭/૨૦૧૪ પત્રક્રમાંકઃસીડી/તાલીમ/વશી/૪૫૭/૨૦૧૪.

**ઠ રા વઃ-**

ગૃહ વિભાગના ઉકત ક્રમાંક (૨) મુજબના ઠરાવથી હોમગાર્ડઝ દળના સભ્યોને ચુકવવામાં આવતા દૈનિક વેતન/ભથ્થાના દર રૂ.૮૦/-થી વધારી રૂ.૨૦૦/- હોમગાર્ડઝ સભ્યો તાલીમ કે ફરજ પર હોય તે સમયગાળા માટે પ્રતિ દિન લેખે વધારવામાં આવેલ છે. રાજયના ટ્રાફીક નિયમોના અમલીકરણ અંગે હોમગાર્ડઝના જવાનો તથા સિવીલ ડીફેન્સ તેમજ એનજીઓને હોમગાર્ડઝના સભ્યોને ચુકવવામાં આવતા પ્રવર્તમાન દરે ગુજરાત રાજય માર્ગ સુરક્ષા નિધિ(ભંડોળ) માંથી મહેનતાણું ચુકવવામાં આવે છે. ટ્રાફીકના નિયમનની ફરજો બજાવતા નાગરિક સંરક્ષણના સભ્યોને હોમગાર્ડઝના જુના દર રૂ.૮૦/-લેખે દૈનિક ભથ્થુ ચુકવવામાં આવે છે. જે ઉકત ક્રમાંક(૧) ના ઠરાવ ધ્યાને લઇ હોમગાર્ડઝ સભ્યોને ચુકવવામાં આવતા દરે જ ટ્રાફીક નિયમનની ફરજો બજાવતા નાગરિક સંરક્ષણ તંત્રના સભ્યોને દૈનિક ભથ્થુ ચુકવવામાં આવે તે અંગે જિલ્લા કલેક્ટર, વડોદરાના ઉકત ક્રમાંક (૩)ના પત્રથી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી. કાળજી પૂર્વકની વિચારણાના અંતે રાજયના ટ્રાફીક નિયમોના અમલીકરણ અંગે ફરજો બજાવતા નાગરિક સંરક્ષણના સભ્યોને હોમગાર્ડઝ સભ્યોને ચુકવવામાં આવતા પ્રવર્તમાન દર રૂ.૨૦૦/- પ્રતિ દિન મુજબ દૈનિક ભથ્થુ ગુજરાત રાજય માર્ગ સુરક્ષા નિધિ(ભંડોળ) માંથી તા.૧/૮/૨૦૧૪ થી ચુકવવા આથી ઠરાવવામાં આવે છે.

પ્રસ્તુત મંજુરી સરખા ક્રમાંકની ફાઇલ પરની અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ની તા.૩૧/૭/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહા નિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, પોલીસ ભવન, ગાંધીનગર.
- ડાયરેક્ટર જનરલ, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદ.
- જિલ્લા કલેક્ટરશ્રી, અમદાવાદ/વડોદરા.
- ઉપ સચિવશ્રી,વ-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત નિયામક, નાગરિક સંરક્ષણ, ગુજરાત રાજય, અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/વડોદરા.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- સિલેક્ટ ફાઇલ.